# વરાછા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનાના નાસતા ફરતા આરોપીને બોટાદ જીલ્લા પોલારપુર ગામના જંગલ વિસ્તારના ખેતરોમાંથી શોધી કાઢતી, વરાછા પોલીસ ટીમ, સુરત શહેર

વરાછા પોલીસ સ્ટેશન ફરીયાદ નં.૧૧૨૧૦૦૬૦૨૨૨૧૯૪/૨૦૨૨ ઇ.પી.કો. કલમ-૩૬૩ વિગેરે મુજબનો ગુનો તા. ૧૮/૦૯/૨૦૨૨ ના રોજ રજીસ્ટર થયેલ હોઇ જે અન્વયે વરાછા પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી તથા સર્વેલન્સ પો.સ.ઇ. નાઓએ વરાછા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમ બનાવી જરૂરી સુચનાઓ આપેલ દરમ્યાન બાતમી મળેલ કે, આરોપી અજીત ઉર્ફે અજય ગગજીભાઇ માથાસુળીયા (દેવીપુજક) રહે. નાવડા ગામ તા. બરવાળા જીલ્લો બોટાદ નાઓ નાવડા ગામમાં જોવા મળેલ હોવાની હકિકત મળતા તાત્કાલીક ટીમ મોકલી આપી આરોપી સંબંધે રાત્રીના નાવડા ગામ તથા આજુબાજુના ગામના જંગલ વિસ્તારમાં ખેતરોમાં તપાસ કરતા આરોપી અજીત ઉર્ફે અજય માથાસુળીયાનાઓ પરોઢીયે પોલારપુર ગામના ખેતર (જંગલ) વિસ્તારમાંથી મળી આવતા અત્રે વરાછા પોલીસ સ્ટેશન લઇ આવી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપીનું નામ :- અજીત ઉર્ફે અજય ગગજીભાઇ માથાસુળીયા (દેવીપુજક) રહે. નાવડા ગામ તા. બરવાળા જીલ્લો બોટાદ

ગુ.ર.નં. તથા કલમ :-વરાછા પોલીસ સ્ટેશન ફરીયાદ નં.૧૧૨૧૦૦૬૦૨૨૨૧૯૪/૨૦૨૨ ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રીન એન્ડો વુમન અગેઇન્સ્ટ સેકસુયલ ઓફેન્સીસ એકટ-૨૦૧૨ ની કલમ-૪, ૫(એલ), ૬ મુજબ.